## તાત્કાલિક/ સમયમર્યાદા

(56)

નં. મક/આવિ/ટેબ્લેટ/૨૦૧૮-૧૯/ ૩૦૩૭
મદદનીશ કમિશ્નરશ્રીની કચેરી,
જોરાવર પેલેસ જિલ્લા સેવા સદન-૨,
પાલનપુર, જિ. બનાસકાંઠા.
તા.૧૭ /૧૨/૨૦૧૮

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી
ગુજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટી, અમદાવાદ
મુ: અમદાવાદ

વિષય :- ધો – ૧૨ પાસ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિના મુલ્યે ટેબલેટ સહાય આપવા બાબત.

સંદર્ભ :- તા.૦૭/૧૨/૨૦૧૮ ના પત્ર ક્રમાંક - આવિ/શિક્ષણ/ફા.નં.૧૦૫૩/૨૦૧૮-૧૯/૧૭૩૪ થી ૧૭૫૧

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપની યુનિવર્સિટી **હસ્તકની તમામ** કોલેજો/સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ **કે જેઓએ સરકાર માન્ય બોર્ડની** પરીક્ષા ધો-૧૨ માં ૭૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય તેવા વિદ્યાર્થી**ઓને રૂ.૨૦૦૦/- લેખે** સરકારશ્રી ધ્વારા સહાય ચૂકવવાનું ઠરાવેલ છે. તો જે વિદ્યાર્થીઓએ ધો-૧૨ માં ૭૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય અને રૂ. ૧૦૦૦/- ભરી ટેબ્લેટ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓની દરખાસ્ત નીચે આધાર પુરાવા સહિત અત્રેની કચેરીએ તાત્કાલિક મોકલી આપવા જણાવવામાં આવે છે.

**બિડાણ નીચે મુજબ**

(૧) જાતિનો દાખલો
(૨) ધો-૧૨ ની માર્કશીટ
(૩) આધાર કાર્ડ
(૪) બેંક પાસબુકની નકલ
(૫) ચાલુ અભ્યાસનો દાખલો

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ વર્ગ-૧
પાલનપુર, જિ.બનાસકાંઠા

**નકલ સવિનય રવાના**
મદદનીશ કમિશ્નરશ્રી (શિક્ષણ શાખા) બિરસા મુંડા ભવન, ગાંધીનગર

TTAP

સંપર્ક: ડૉ. કે. એમ. પટેલ આ.પ્રોફે. ...
[illegible]

નં.આવિ/શિક્ષણ/ફા.નં.૧૦૫૩/૨૦૧૮-૧૯/૨૭૩૪૦-૭૨૫૧
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ
ગુજરાત રાજય, ગાંધીનગર
તારીખ:૦૭/૧૨/૨૦૧૮

પ્રતિ,
મદદનીશ કમિશ્નરશ્રી,/આ.વિ.અધિ.શ્રી,
આદિજાતિ વિકાસ,
મુ.................જિ..........................

વિષય:- ધો-૧૨ પાસ અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને વિના મુલ્યે ટેબ્લેટ આપવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સરકાર માન્ય બોર્ડની પરીક્ષા પાસ કર્યા બાદ વધુ અભ્યાસ માટે રાજયમાંની યુનિવર્સીટી કક્ષાએ પ્રવેશ મેળવનાર તમામ વિધાર્થીઓને રૂ! ૧૦૦૦/- ના ટોકન દરે ટેબ્લેટ પુરા પાડવાની સરકારશ્રીની યોજના અંતર્ગત ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જે પૈકી અનુસુચિત જનજાતિના વિધાર્થીઓની યાદી તા.૦૬/૧૨/૨૦૧૮ના રોજ ઇ-મેઇલથી તમામ જિલ્લાની કચેરીઓને મોકલી આપેલ છે. સદર યાદીમાં જે વિધાર્થીઓએ ટેબ્લેટ મેળવેલ છે તેવા તમામ વિધાર્થીઓની વિગતો સામેલ છે.

ટેબ્લેટ સહાયની આ વિભાગની યોજનાનો તા.૦૭/૦૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૨૦૧૪/૧૧૫૧/ગમાં જણાવ્યા મુજબ ધો-૧૨ માં ૭૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય તેવા વિધાર્થીઓએ પોતાના રૂ! ૧૦૦૦/- પદરના ભરી ટેબ્લેટ મેળવેલ હોય તેઓને રૂ! ૧૦૦૦ લેખે સહાય ચુકવવાનું ઠરાવેલ છે. તો આ આપને મોકલેલ યાદી પૈકી ૭૦% કે તેથી વધુ માર્કસવાળા વિધાર્થીઓની વિગતો મેળવી ટેબ્લેટ સહાય ચુકવવાની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવા વિનંતિ.

સંયુકત કમિશ્નર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી
ગુ.રા, ગાંધીનગર

સંપર્ક: પ્રો. કે. એ. પટેલ આ. ઓફિસ ને આ બાબતે
જાણવું રહેશે